જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૧૭-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

રાજપીપળા દરબાર રોડનું અર્બન હેલ્થ સેન્ટર અન્યત્ર ખસેડાતા ગરીબ દર્દીઓ મુશ્કેલીમાં મુકાયા

વારંવાર રજુઆત કરવા છતાં આરોગ્ય વિભાગના અધિકારીઓ માત્ર આશ્વાસનો જ આપે છે

રાજપીપળા : રાજપીપા શહેર માં વધતી વસ્તી સામે ખાનગી દવાખાના તો ઘણા છે પરંતુ સરકારી માં એક ાત્ર રાજપીપળા સિવિલ હોસ્પિટલજ હોય શહેર ા મધ્યમ ગરીબ દર્દીઓ ને બીમારી ટાણે સારવાર માટે સિવિલ સિવાય અ?ય મફત ઈલાજ માટે ગામ ની મધ્ય માં હાલ કોઈ વિકલ્પ નથી ત્યારે અગાઉ આરોગ્ય વિભાગ ના અર્બન હેલ્થ સેન્ટર નું એક દવાખાનું દરબાર રોડ પર ચાલતું હતું જે કોઈક કારણોસર ટેકરા ફળિયા તરફ ખસેડાયું હોય શહેર ના અમુક વિસ્તાર ના લોકો ને ત્યાં સુધી રીક્ષા કે અન્ય વાહનો મારફતે લાંબા થવું પડે છે ત્યારે અગાઉ વારંવાર આ દવાખાનું શહેર ની મધ્ય માં અમુક દિવસ માટે ખુલ્લું મુકવા રજુઆત કરવામાં આવી હતી અને આરોગ્ય અધિકારી સહીત ના અન્ય અધિકારીઓ એ આ બાબતે હકારાત્મક જવાબ આપી ટૂંક સમય માં દરબાર રોડ ની આસપાસ અઠવાડિયા ના અમુક દિવસ દવાખાનું ચાલુ કરવા જણાવ્યું હતું છતાં આ બાબતે કોઈજ કાર્યવાહી ન થતા લોકો હવે આરોગ્ય વિભાગ ના પોકળ વાયદાઓ સામે અકળાઈ રહ્યા છે અને જો વહેલીતકે આ માટે કાર્યવાહી નહિ થાય તો ઉચ્ચ કક્ષાએ રજુઆત થાય એવી પણ તૈયારી કરવામાં આવી રહી છે .

ટેકરા ફળિયા ખાતે મંજૂરી મળતા ત્યાં કાર્યરત રખાયું છે : એ ડી એચ ઓ

આ માટે નર્મદા આરોગ્ય વિભાગના એ ડી એચ ઓ ગામીત સાહેબએ જણાવ્યું કે અમુક વસતી પ્રમાણે અમુક કિલોમીટર ના વિસ્તાર માં એકજ દવાખાના ને મંજૂરી મળે જે ટેકરા ફળિયા માં મંજુર થયું છે છતાં અમુક દિવસ અન્ય જગ્યા પર વ્યવસ્થા માટે હું પ્રયાસ કરીશ

દરબાર રોડનું દવાખાનું ટેકરા ફળિયા તરફ લઈ જવાથી ત્યાંના લોકોને ફાયદો પરંતુ દરબાર રોડ નજીકના સ્લમ વિસ્તારના દર્દીઓને તકલીફ

ભાજપ-એનડીએને હરાવવા કોંગ્રેસને સમર્થન આપવા તૈયાર : શંકરસિંહ વાઘેલા



ગાંધીનગર

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ચૂંટણીપંચને એક ખુલ્લો પત્ર લખીને ઈવીએમ મશીન અંગે જ્યાં સુધી મતદારોના મનમાંથી શંકા-કુશંકા દૂર ન થાય ત્યાં સુધી ઈવીએમના બદલે બેલેટ પેપરથી મતદાન કરાવવાની માંગણી કરી છે. સાથે સાથે તેમણે જ્યાં સુધી બેલેટ પેપર દ્વારા ચૂંટણી ન થાય ત્યાં સુધી ઈવીએમ અને વીવીપીએટ મશીન અંગેની સરળ જાણકારી સામાન્યમાં સામાન્ય મતદારને મળે એવો પ્રચાર — પ્રસાર કરવાની માંગ કરી છે. એટલું જ નહીં તેમણે લોકસભાની ચૂંટણી વખતે તમામ મતદાન મથકોમાં વ્યાપટ મશીન મુકવા અને તેમાં જનરેટ થતી મતદાન આપ્યાની સ્લીપ ગણતરીમાં લેવાય તેવું ફરજીયાત કરવા પણ જણાવ્યું છે. વિક્રમ સંવતમાં નવા વર્ષમાં આયોજીત પત્રકાર પરિષદમાં તેમણે જાહેર કર્યું કે તેઓ લોકસભાની ચૂંટણી લડવાના નથી. રાષ્ટ્રીય કક્ષાએ તેમની રાજકીય ભૂમિકા શું હશે તે અંગે તેમણે સ્પષ્ટ કર્યું કે ગુજરાતમાં અને રાષ્ટ્રીય સ્તરે ભાજપને હરાવવા માટે જે કાંઈ કરવું પડે તે કરીશ. એના કારણોમાં જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રજાને આપેલા વચનોમાં નિષ્ફળ ગયા છે. આ સરકારની સ્થિતિ વિમાન જેમ નોસ ડાઉન થઈને પડે તેમ એ પરિસ્થિતિમાં પહોંચી ગઈ છે અને દેશમાં મતદારોએ એનડીએની સરકારને હરાવવા માટે નિર્ણય કરી લીધો છે. રાષ્ટ્રીય કક્ષાએ તેઓ ભાજપની વિરૂદ્ધમાં ભાજપ વિરોધી તમામ રાજકીય પક્ષો એક મંચ પર આવે તેવા પ્રયાસો કરી રહ્યાં છે. ભારતભ્રમણ ઝૂંબેશમાં તેમણે નવ રાજ્યોની મુલાકાત લઈ લીધી છે અને રાષ્ટ્રીય કક્ષાએ ભાજપની વિરૂદ્ધમાં મહાગઠબંધન મોરચો રચાય તેવા પ્રયાસો કરી રહ્યાં છે.

નોટબંધી દેશનો સૌથી મોટો ભ્રષ્ટાચાર,મોદીજી જ્યાં પણ જાય છે ત્યાં જૂઠ્ઠાણા ચલાવે છે : રાહુલ

ભોપાલ

મધ્યપ્રદેશમાં વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી આજે રાજ્યના દેવરી પહોંચ્યાં છે. તેમણે રાજ્યના ખેડુતોને સત્તામાં આવ્યાના દસ દિવસમાં દેવુ માફ અને યુવાનોને રોજગાર આપવાનું વચન આપ્યું છે. તો કેન્દ્ર સરકારની નોટબંધીને લઈને રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આરોપ લગાવતા કહ્યું કે નોટબંધી દેશનો સૌથી મોટો ભ્રષ્ટાચાર છે, આ વાત આગામી દિવસોમાં સાબિત થઈ જશે. મોદીજીના નોટબંધીએ ખેડુતો, મજુરો અને મહિલાઓને લાઈનમાં ઉભા રાખી દીધા. પરંતુ હિન્દુસ્થાનના ચોરો મેહુલ ચૌક્સી, નીરવ મોદી અને બીજા કોઈ અરબપતિ લાઈનમાં ઉભા જોવા મળ્યા નહીં. મેહુલ ચૌક્સી દેશથી બહાર ગયા બાદ અરુણ જેટલીની દિકરીના એકાઉન્ટમાં પૈસા જમા કરાવ્યાં અને વિજય માલ્યા ભાગતા પહેલા અરુણ જેટલીને મળ્યાં. શું કોઈએ આમને લાઈમાં ઉભા રહેતા જોયા. આજે દેશમાં રોજગારી મોટી સમસ્યા છે. બીજેપી શાસિત રાજ્યોમાં જઈને યુવાનો પુછો શું કરો છો તો તેમનો જવાબ હોય છે કંઈ નહીં. એકલા મધ્ય પ્રદેશમાં ૭૫ લાખ યુવાનો બેરોદગાર છે. છેલ્લા બે વર્ષમાં આ ગ્રાફ ઝડપથી વધ્યો છે. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી યુવાનો માટે બસ માત્ર જાહેરાતો કરી રહ્યાં છે, બીજુ કંશુ કરી રહ્યાં નથી. પટ્ટાવાળાની ૭૦૦ પદની ભરતી માટે ત્રણ લાખ લોકો ફોર્મ ભરે છે.

છત્તીસગઢમાં મોદીએ રેલી કરી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા

પરિવારની બહારના વ્યક્તિને કોંગ્રેસ અધ્યક્ષ બનાવી બતાવે : મોદીનો પડકાર

કોંગ્રેસ વિચારે છે કે તેમની રાજગાદી એક ચાવાળો કઈ રીતે ચોરી ગયો?,કોંગ્રેસ નિર્મલ બાબા જેવી છે વોટ દો તો કૃપા આવવાની શરૂઆત થઈ જશે

અંબિકાપુર

મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં શુક્રવારે રેલીઓનો દિવસ છે. બીજેપી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા ચૂંટણી બિગૂલ ફૂંકવા માટે મેદાનમાં ઉતર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, બીજેપી અધ્યક્ષ અમિત શાહ અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ત્રણેય નેતા અલગ અલગ શહેરોમાં રેલીઓ કરશે.

મધ્યપ્રદેશમાં ચૂંટણી રેલી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના અંબિકાપુરમાં રેલીને સંબોધિત કરી હતી, ત્યારબાદ તેઓ મધ્યપ્રદેશના ગ્વાલિયર અને શહડોલમાં રેલીઓને સંબોધિત કરશે. અંબિકાપુરની રેલીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ગયા વખતે જ્યારે હું આવ્યો હતો ત્યારે અહીંના લોકોએ લાલકિલ્લો બનાવ્યો હતો, આ રેલીના કારણે દિલ્હીવાસીઓની ઉંઘ હરામ થઇ ગઇ હતી. જેમણે અંબિકાપુરને બદનામ કર્યું છે, તેમણે વીણી-વીણીને આ વખતે જવાબ આપવાનો મોકો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, રાજદરબારીઓને એક જ પરિવારના ગીત ગાવાનો મોકો મળ્યો છે, તેમણે અંબિકાપુરના લોકો જ જવાબ આપી શકે તેમ છે. નક્સલી બોમ્બ-બંદૂકથી લોકોને ડરાવવાની કોશિશ કરી રહ્યા હતા, પરંતુ તેમ છતાં છત્તીસગઢના લોકોએ મોટી સંખ્યામાં મતદાન કર્યું છે.

પીએમે કહ્યું કે, હું તો દરરોજ ચાર વર્ષોનો હિસાબ આપું છું. કોંગ્રેસવાળા હાલ પણ આંસુ વહાવે છે કે ચાવાળો દેશનો વડાપ્રધાન કેવી રીતે બની ગયો. જ્યાં સુધી તમે લોકતંત્રને નહીં સમજો ત્યાં સુધી તમે ચાવાળાને ગાળો આપતા રહેશો. તેમણે એવું પણ કહ્યું કે, કોંગ્રેસ કહી રહી છે કે નેહરૂના કારણે ચાવાળો વડાપ્રધાન બન્યો, તો એકવાર ૫ વર્ષ માટે પોતાના પરિવારનું નામ લીધા વગર કોઈ પાર્ટીનો અધ્યક્ષ બનાવીને દેખાડી દો.

રેલવેમાંથી ૧૪ કરોડ રુપિયાના ચાદર અને રુમાલ ચોરી ગયા પ્રવાસીઓ

ન્યુ દિલ્હી

રેલ્વે મુસાફરોની સુવિધામાં વધારો થાય તે માટે નવી નવી સેવા શરુ કરતો રેલ્વે વિભાગ હવે કેટલીક સુવિધા બંધ કરવા જઈ રહ્યો છે. ટ્રેનના એસી કોચમાં મુસાફરી કરતાં લોકોની ચોરી કરવાની આદતથી કંટાળી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેનના એસી કોચમાં મુસાફરી કરતાં સમૃદ્ધ લોકો પણ રેલ્વે તરફથી આપવામાં આવતાં ઓશિકા, ચાદર જેવી વસ્તુઓ પોતાની સાથે લઈ જાય છે. તેના કારણે હવે આ સુવિધા બંધ કરવા માટે વિચારણા કરવામાં આવી રહી છે.

વર્ષ ૨૦૧૭ ૧૮માં ટ્રેનમાંથી એસી કોચના લાખો ઓશિકા, ચાદર ગાયબ થઈ ગયા છે. રેલ્વે વિભાગના એક અધિકારીના જણાવ્યાનુસાર ગત વર્ષે દેશભરની રેલ્વેમાંથી ૨૧,૭૨,૨૪૬ બેડરોલ ચોરી થયા છે. જેમાં ૧૨,૮૩,૪૧૫ તકીયા, ૪,૭૧,૦૭૭ ચાદર અને ૩,૧૪,૯૫૨ ઓશિકાના કવર ચોરી થયા છે. આ ઉપરાંત ૪૬,૫૧૫ ધાબળા પણ ગાયબ થયા છે. અધિકારીના જણાવ્યાનુસાર લોકો આ વસ્તુઓ જ નહીં પરંતુ શૌચાલયમાંથી નળ, મગ, અરીસા જેવી વસ્તુઓ પણ કાઢી લે છે. આ પ્રકારની ફરિયાદ નિયમિત રીતે આવે છે. રેલ્વેમાં રોજ યાત્રીઓને બેડરોલ આપવામાં આવે છે. તેમાંથી મોટાભાગના મુસાફરો આ વસ્તુઓ પોતાની સાથે લઈને જતા રહે છે.

૧૨૦ કિમીની ઝડપે ફૂંકાયો પવન,કાચા મકાનોનો કચ્ચરઘાણ,સાત જિલ્લાઓમાં ભારે વરસાદ

તામિલનાડુમાં 'ગાજા વાવાઝોડા'નો આતંક : ૨૩થી વધુ લોકોના મોત

છ જિલ્લામાં ૪૭૧ રાહત શિબિર બનાવવામાં આવ્યાં,૮૦ હજાર લોકોને રાહત શિબિરોમાં મોકલવામાં આવ્યાં,વીજળીના ૧૨,૦૦૦ થાંભલા તૂટી પડ્યાં,ચક્રવાત ગાજા ૧૪ કિમી પ્રતિ કલાકની સ્પીડથી આગળ વધ્યું

ચેન્નાઈ

ચક્રવાતી વાવાઝોડું ગાજા ગુરૂવારે મોડી રાત્રે તામિલનાડુના નાગપટ્ટનમ અને વેદરન્નિયમ કાંઠા સાથે અથડાયું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ દરમિયાન તોફાની હવાની સ્પીડ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક કરહી. ગાજાની અસરથી અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડી રહ્યો છે. મુખ્યમંત્રી પલાનીસામીએ જણાવ્યું કે દુર્ઘટનામાં ૨૩થી વધુ લોકોનાં મોત નિપજ્યાં છે. સંકટ નિવારણ વિભાગે ૮૧ હજાર લોકોને કાંઠાના વિસ્તારોથી હટાવીને ૪૭૧ જેટલાં રાહત શિબિરમાં



મોકલ્યાં છે. હવામાન વિભાગે શુક્રવારે સાંજ સુધીમાં તોફાન નબળું પડશે તેવી શક્યતા વ્યક્ત કરી છે. પવન ફૂંકાતો હોવાથી અને વરસાદના કારણે ઘણી જગ્યાએ વીજળીના થાંભલા ઉખડી ગયા છે. પરિણામે ઘણાં વિસ્તારોમાં વીજળી પહોંચી રહી નથી. તટીય વિસ્તારોમાં આવેલા ઘરોને પણ નુકસાન પહોંચ્યું છે. પ્રશાસને મદદ માટે એનડીઆરએફની નવ ટીમને પ્રભાવિત વિસ્તારમાં તહેનાત કરી છે. ગુરુવારે-શુક્રવારે દરેક સ્કૂલ કોલેજમાં રજા જાહેર કરી દીધી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, ચક્રવાત ગાજા ૧૪ કિમી પ્રતિ કલાકની સ્પીડથી આગળ વધી રહ્યું છે. તમિલનાડુ, દક્ષિણ આંધ્ર અને પોંડિચેરી તટ પર ઉંચી લહેરો ઉઠવાની આશંકા છે. માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. તમિલનાડુમાં એનડીઆરએફની નવ અને પોંડિચેરીમાં બે ટીમ તહેનાત છે. તે સિવાય ૩૧ હજાર બચાવ કર્મીઓ અને એસડીઆરએફને પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે. જેથી જરૂર પડે ત્યારે તેમની મદદ લઈ શકાય.

કોઈ વ્યક્તિ બીજા રાજ્યમાં જઈને અનામતનો લાભ માગી શકે નહીઃ સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે એક મહત્વના ચુકાદામાં જણાવ્યું છે કે કોઈપણ વ્યક્તિને અન્ય રાજ્યમાં અનામતનો લાભ આપી શકાય નહીં. પછી ભલે આ વ્યક્તિના લગ્ન તે રાજ્યમાં કેમ થયા ના હોય? વ્યક્તિનો જે રાજ્યમાં જન્મ થયો છે. માત્ર તે રાજ્યમાં જ તે અનામતનો દાવો કરી શકે છે.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ રંજન ગોગોઈની અધ્યક્ષતાવાળી ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠે કહ્યું છે કે માત્ર એ આધાર પર કે રાજ્યમાં કોઈ જાતિને અનુસૂચિત જાતિ માનવામાં આવી છે. તે રાજ્યમાં આવીને વસવાટ કરનારા વ્યક્તિને અનુસૂચિત જાતિ માની શકાય નહીં. આવી વ્યક્તિને અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર આપી દેવામાં આવ્યું હોય. તો પણ તેનાથી કોઈ ફરક પડતો નથી.

પંજાબમાં વાલ્મીકિ સમુદાયમાંથી આવતી મહિલાએ ઉત્તરાખંડમાં વાલ્મીકિ સમુદાયના યુવક સાથે લગ્ન કર્યા હતા. આ જાતિ સમુદાય ઉત્તરાખંડમાં પણ અનુસૂચિત જાતિ માનવામાં આવી છે. આ મહિલાએ ઉત્તરાખંડમાં જિલ્લા માહિતી અધિકારીના પદ માટે અરજી કરી હતી. પરંતુ તેની ઉમેદવારીને નામંજૂર કરવામાં આવી હતી. તે પંજાબમાં એસસી છે. પરંતુ ઉત્તરાખંડમાં તેને અનામતનો લાભ મળી શકે નહીં.

આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદના સ્નેહમિલન સંમેલનમાં અધ્યક્ષ ડો.પ્રવીણ તોગડીયા હાજર રહ્યા



આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદના અધ્યક્ષ ડૉ.પ્રવિણ તોગડીયા ભરૂચ ખાતે આયોજીત સ્નેહમિલન સંમેલનમાં હાજર રહીને આર.આર.એસ તેમજ ભાજપ પર શાબ્દિક પ્રહાર કરતા સત્તામાં રહેલા લોકોની બેદરકારીના કારણે રામમંદિરનું નિર્માણ ન થતું હોવાનું જણાવ્યું હતું.

પ્રથમ ડૉ.પ્રવિણ તોગડીયાએ કૃષ્ણનગર સ્થીત આવેલ ચંન્દ્ર મૌલેશ્વર મહાદેવની પૂજા કર્યા બાદ આંબેડકર ભવન ખાતે સ્નેહમિલન સમારોહમાં હાજરી આપી હતી.તેમણે આર.એસ. એસ.અને ભાજપ પર પ્રહારો કરતા રામ મંદિર માટેનો કાયદો બનાવીશું તેમ કહેતા હતા.પરંતુ હવે સત્તામાં આવ્યા બાદ કાયદો ભૂલીને કોર્ટની વાત કરી રહ્યા છે. અને ચૂંટણી પછી મસ્જીદ માં જઈ ને રહીમ રહીમ કરે છે. રામ મંદિરનું નિર્માણ સત્તામાં રહેલા લોકોની બેદરકારીના કારણે થતું ન હોવાનું પણ તેઓએ તેમના વક્તવ્યમાં જણાવ્યુ હતુ.

વધુમાં તેમણે મીડીયા સાથેની વાતચિત દરમિયાન જણાવ્યું હતું કે, આખા દેશમાં અબ તો હિન્દુ હી સરકાર લક્ષ્યને ધ્યાનમાં રાખીને એક લાખથી વધારે ગામોમાં દર ગુરૂવારે હિન્દુ હી આગે કેંન્દ્રએ ધ્યાનમાં રાખીને ભરૂચ જિલ્લામાં ૫૦૦ થી વધારે ગામોમાં પણ દર ગુરૂવારે હિન્દુ હી કેંન્દ્ર શરૂ કરાયા છે.

આ કેન્દ્રમાં દરેક પાસે એક મુઠ્ઠી અનાજ એકત્રીત કરી ૧૦-૧૦ કીલો અનાજની બેગ ગરીબોને આપીને કોઇ હિન્દુ ભુખ્યો ન રહે તેમજ મફત બ્લડ પ્રેસર અને હિમોગ્લોબિનની તપાસ કરી ને ગરીબને પ્રાઇવેટનો મફત ડોકટર, યુવાનને રોજગાર,મહિલાને સુરક્ષા,સ્વાવલંબનની ટ્રેનીંગ, બાળકોને ટેલેન્ટ આગળ લઈ જવાનો પ્રયાસ, આ હિન્દુ હી આગે કેન્દ્ર ૫૧ લાખ હિન્દુ સાથી, દરેક ગામમાં ૧૦ અને શહેરના મતદાન મથકમાં ૨૫ આવા ૫૧ લાખ હિન્દુ સાથીઓની મદદથી અબ કી બાર હિન્દુ સરકાર આ દેશમાં ઉભી કરવાનો પ્રયાશ છે.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે આધાર પુરાવા વગરના લોખંડના મુદ્દામાલ તથા એક આરોપી સાથે પીકઅપ વાન કબ્જે કરી





ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે દહેજ પોલીસ મથકની હદમાંથી એક ઈસમ પાસેથી આધાર પુરાવા વગરના લોખંડના મુદ્દામાલ સાથે પિકઅપ વાન કબ્જે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દહેજ પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી.તે દરમ્યાન બાતમી મળી હતી કે,દહેજથી બાયપાસ રોડ ઉપર આવેલ જોલવાગામ ચાર રસ્તા ઉપર હજરત સિકંદર અન્સારી, રહેવાસી જોલવા,નાઓ પાસેની પીકઅપ વાન નંબર જીજે-૧૬-ઝેડ-૯૧૦૩માં ભરેલ લોખંડની નાની મોટી પાઈપ ૯૫૦ કિલો લોખંડના બોલ્ટ ૬૪ કિલો, એસ.એસના ટુકડા ૭ કિલો, કોપરના વાયર ૬ કિલો સાથે મળી આવેલ અને જેની પાસે પોતાની પાસેના સમાનના કોઈ આધાર પુરાવા ના હોવાથી આ મુદ્દામાલ ચોરી અથવા છલ કરીને લાવ્યો હોવાનું માલુમ પડતાં મુદ્દામાલ કબ્જે કરીને જેની કિંમત રૂપિયા ૨૨૩૪૦/- તથા પીકઅપ વાનની કિંમત રૂપિયા ૧ લાખ મળીને કુલ રૂપિયા ૧,૨૨,૩૪૦નો

મુદ્દામાલ કબ્જે કરીને આરોપીને અટક કરીને વધુ તપાસ અર્થે દહેજ પોલીસ મથકે સોંપવામાં આવ્યો છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની અમેરિકાથી લાયલ સ્ટાબના નેતૃત્વમાં અમેરીકાના નાગરિકોએ મુલાકાત લીધી

સ્ટેચ્યુ ઓફ લિબર્ટી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી પોતાના દેશ માટે પ્રખ્યાત,પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશાળઃલાયલ સ્ટાબ - પ્રવાસી,અમેરિકા



આંતરરાષ્ટ્રીય સેવાભાવી સંસ્થાનાં ફેન્ડશિપ એક્સચેન્જ પ્રોગ્રામ અને સંસ્કૃતિના આદાનપ્રદાન કાર્યક્રમ હેઠળ ખાસ અમેરિકાના નાગરિકો સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળી અદભૂદાતા અનુભવી

રાજપીપળાઃભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૩૧મી ઓક્ટોબરે નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી સરદાર પટેલની ૧૮૨ મીટરની સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું હતું.એ બાદ ૧લી નવેમ્બરથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને સામાન્ય જનતા માટે ખુલ્લું મુકાયું હતું.એ દરમિયાન દિવાળીની રજાઓમાં લગભગ ૧ લાખ કરતા પણ વધુ પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા.જેને લીધે સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટને ૩ કરોડ જેટલી આવક થઈ છે.પરંતુ જેમ જેમ દિવસો જાય છે તેમ તેમ સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો નોંધાઇ રહ્યો છે.શરૂઆતના દિવસોમાં રોજના એવરેજ ૨૦ હજાર પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ રહ્યા હતા.જેની સરખામણીમાં છેલ્લા બે દિવસથી પ્રવાસીઓની સંખ્યા લગભગ અડધી થઈ ગઈ છે.આનું કારણ પ્રવાસીઓને પડતી મુશ્કેલીઓ અથવા દિવાળી વેકેશન પૂરું થયું હોવાનું માનવના આવી રહ્યું છે.પણ ગુજરાત સરકારની ખરી કસોટી તો હવે થશે કે આગામી દિવસોમાં તેઓ પ્રવાસીઓને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવા આકર્ષે છે કે કેમ?

એક વાત ચોક્કસ છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી લોકાર્પણનાં માત્ર ૧૫ દિવસનાજૂંકા ગાામાં જ સમગ્ર ભારતમાં પ્રવાસીઓના મુખ્ય કેન્દ્ર બની ચૂકયું હતું.આ તમામની વચ્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર હવે વિદેશી પ્રવાસીઓની નજર સ્થિર થવાની શરૂઆત થઈ છે.શુક્રવારે એક આંતરરાષ્ટ્રીય સેવાભાવી સંસ્થાનાં ફેન્ડશિપ એક્સચેન્જ પ્રોગ્રામ અને સંસ્કૃતિના આદાનપ્રદાન કાર્યક્રમ હેઠળ ખાસ સ્ટેચ્યુ ઓફ યુનિટી પર અમેરિકાથી લાયલ સ્ટાબના નેતૃત્વમાં ૮ અમેરીકાના નાગરિકોએ મુલાકાત યોજી હતી.જેમાં તેઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ખાસ મ્યુઝિયમ અને વિડિઓ ગેલેરીની મુલાકાત લઈને સરદાર સાહેબ વિશે જાણકારી મેળવી હતી.આ મુલાકાત દરમિયાન તેમણે એવો પ્રતિભાવ આપ્યો હતો કે ટૂંકા ગાળામાં જ આટલી ઉંચી પ્રતિમા બનાવી સુંદર કાર્ય કર્યું છે.અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખરેખર અદભુત છે.ખાસ અહીયા પ્રવાસીઓ માટે સારી સુવિધા હોવાનું પણ જણાવ્યું હતું.આ વિદેશી પ્રવાસીઓની મુલાકાત સમયે સ્થાનિક સેવાભાવી સંસ્થાના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.અમેરિકી પ્રવાસી લાયલ સ્ટાબે ખાસ એ પણ જણાવ્યું હતું કે,સ્ટેચ્યુ ઓફ લિબર્ટી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી એ પોતાના દેશ માટે પ્રખ્યાત છે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશાળ છે.અહીંયા આવનાર પ્રવાસીને ભારતના સર્જનની માહિતી મળી રહેશે.

દિવાળી વેકેશનમાં તસ્કરોનો તરખાટ ત્રણ સ્થળે ૨.૩૮ લાખની ચોરી

તસ્કરોએ બે મકાનો અને એક ટેમ્પમાંથી સરસામાન ચોરાયો

સુરત

શહેરના પુણા ડીંડોલી અને મહિધરપુરા વિસ્તારમાં ચોરીના ત્રણ બનાવ બન્યા હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે. ચોરીના ત્રણેય બનાવમાં કુલ રૂા. ૨.૩૮ લાખની મતા ચોરાઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સાબરગામ, નીયોલ પાટિયા પાસે મહેન્દ્ર લોજીસ્ટીક પ્રા.લિ.ના ગોડાઉન સામે બે દિવસની પાર્ક ટેમ્પો નંબર એમ એચ ૦૫ ડીકે ૦૪૭૭માં પાર્સલો પૈકી ૪ નંબરના પાર્સલમાંથી ગઠિયો રેફ્રિજરેટર, ત્રણ એલ.ઈ.ડી. ટીવી, માઈક્રોવેવ ઓવન મળી કુલ રૂા. ૭૧,૨૧૮ની મતા ચોરી કરી ભાગી ગયો હતો.ચોરીના બનાવ અંગે ટેમ્પો ડ્રાઈવર ઉમા શંકર લાલજી પટેલ (રહે. રૂમ નં. ૪, સાઈધારા કોમ્પલેક્ષ પુણા) એ પુણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. ડી.બી. રાઓલે વધુ તપાસ શરૂ કરી હતી.

ડીંડોલી સ્થિત ગોવર્ધન નગર વિભાગ-૨ મકાન નંબર ૯૦-૯૧માં ત્રાટકેલા તસ્કરો સિલાઈ મશીનનું હેડ, એલઈડી ટીવી કબાટમાંથી પેન્ડલ સાથેનું સોનાનું મંગળ સૂત્ર, સોનાની પટ્ટી ચેઈન સોનાની માળા અને ગેસનો બાટલો મળી કુલ ૫૧,૪૪,૫૦૦ની મતા ચોરી કરી પલાયન થઈગયા હતા. ચોરીના બનાવ અંગે ઘર માલિક પરમેશ્વર યુવરાજ ઉમ્બરકર ડીંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

મહિધરપુરા વિસ્તારના રામપુરા રામ બાગ મહોલ્લામાં ત્રાટકેલા તસ્કરોએ ૭૧૬૨૮ નંબરનું મકાન ટાર્ગેટ કર્યુ હતું અને રૂા. ૨૩ હજારના ત્રણ મોબાઈલ ચોરી કરી નવદો ગ્યારા થઈ ગયા હતા. ચોરીના બનાવ અંગે અંકુરભાઈ બીપીનભાઈ સોનાવાલાએ મહિધરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ જે.બી. મોરસણીયાએ વધુ તપાસ શરૂ કરી હતી.

વરાછાના જાડાબાવાના ટેકરા પર દારૂ વેચતી મહિલા બુટલેગર ઝડપાઈ

એક બુટલેગરને ફરાર જાહેર કરાયો

સુરત

વરાછા ખાતે જાડા બાવાના ટેકરા પર ધમધમતા દારૂના અડ્ડા પર પોલીસે દરોડો પાડી દારૂના જથ્થા સાથે મહિલા બુટલેગરને ઝડપી પાડી હતી અને દારૂ મળી રૂા. ૬૯,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વરાછા પોલીસે બાતમી આધારે ઝાડા બાવાના ટેકરા પર આવેલા દારૂનો વેપલો કરતી મહિલા બુટલેગર સોનિયા લક્ષ્મણભાઈ પટેલને ઝડપી પાડી હતી. આ ઉપરાંત પોલીસે સ્થળ પરથી ઈંગ્લિશ દારૂની નાની-મોટી ૭૫૮ બાટલી કિ. રૂા. ૫૫,૦૦૦ બીયરના ૪૮ નંગ ટીન કિ. રૂા. ૪૮૦૦ રોકડ રકમ, મોબાઈલ મળી કુલ રૂા. ૬૯,૮૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી. તેમજ અન્ય એક બુટલેગર અજય ક્રિષ્ના પટેલને વોન્ટેડ જાહેર કરી પકડવા ચક્રોગતિમાન કર્યા હતા.

ઠગાઈ કરનાર વૈશાલી બુસઈના ઘરમાં લાલગેટ પોલીસની તપાસ

બોગસ કોલ લેટર કૌભાંડના ગુનામાં વૈશાલીના બે દિવસના રિમાંડ

સુરત

મનપાના બોગસ ઈન્ટરવ્યુ કોલ કાઢી ઉમેદવારો પાસે લાખો રૂપિયા હડપ કરી જનાર એનજીઓની સંચાલિકા વૈશાલીબેન બુસઈની લાલગેટ પોલીસે ધરપકડ કરી હતી. કોર્ટમાં રજૂ કરી બે દિવસના મેળવેલા રિમાંડ દરમ્યાન આજે સવારે તેણીને સાથે રાખી અડાજણ ખાતેના તેના નિવાસ સ્થાને ડોક્યુમેન્ટ્સની શોધખોળ શરૂ કરી હોવાનું પીએસઆઈ આહીરે જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર આજથી ત્રણ ચાર મહિના પહેલા સુરત મહાનગરપાલિકાની વિવિધ જગ્યાઓ માટે ૧૮ નોકરી વાંચ્છુઓ પાસેથી લાખો રૂપિયા ખંખેરી લઈ બોગસ ઈન્ટરવ્યુ કોલ બનાવી પધરાવી દીધા હતા. આ ગુનામાં સંકળાયેલા આરોપી પ્રદીપ કંથારીયાની પોલીસે ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી રિમાંડ પણ મેળવ્યા હતા. રિમાંડ પુરા થતા તેને લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. ત્યારબાદ લાલગેટ પોલીસે અડાજણની મહિલા આરોપી વૈશાલીબેન બુસઈની ધરપકડ કરી હતી. આ ગુનાની મુખ્ય આરોપી વૈશાલીબેન બુસઈને આજે પોલીસે તેમના અડાજણના નિવાસ સ્થાને લઈ જઈ ડોક્યુમેન્ટ્સની શોધખોળ શરૂ કરવાના ચક્રોગતિમાન કર્યા હતા.

અંકલેશ્વરના શોપીંગ સેન્ટર માંથી બિલ વગરના મોબાઈલ ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



પોલીસ મહાનિરિક્ષક અભયસિંહ ચુડાસમા સાહેબ વડોદરા રેન્જ તથા ભરૂચ જિલ્લા ના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક એલ.એ.ઝાલા સાહેબ નાઓની સુચના મુજબ ભરૂચ એલ.સી.બી ના પોલીસ સબ ઈન્સ્પેકટર વાય.જી.ગઢવી તથા ટીમના પોલીસ માણસો મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા 'તેમજ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા અંકલેશ્વર વિસ્તાર મા પેટ્રોલીંગ મા હતા દરમ્યાન બાતમીદાર માફરતે બાતમી મળેલ કે અંકલેશ્વર પ્રતિન ત્રણ રસ્તા નજીક આવેલ રોશન શોપીગ સેન્ટર મા આવેલ ખેતેશ્વર મોબાઈલ નામની દુકાનનો સંચાલક બિલ કે આધાર પુરાવા વગરના મોબાઈલ ફોનનુ વેચાણ કરી રહેલ છે જે બાતમી આધારે ખેતેશ્વર મોબાઈલ નામની દુકાન મા તપાસ કરતા દુકાન માલીક ભૈરારામ ભગવાનારામ પુરોહીત રહે-જુની કોલોની અંકલેશ્વર મુળ રહે- બાડમેર રાજસ્થાન નો હાજર મળી આવતા તેને સાથે રાખી દુકાન મા તપાસ કરતા અલગ-અલગ કંપની ના મોબાઈલ ફોન નંગ-૪૭ કુલ કી.રૂ. ૫૧,૭૦૦/- ના મળી આવેલ જે મળી આવેલ મોબાઈલ ફોન ના કોઈ બિલ કે આધાર પુરાવા રજુ કરેલ નહી જેથી મળી આવેલ મોબાઈલ ફોન ગુનાહીત પ્રવૃતિ થી મેળવેલ હોવાનો શક જતા વધુ તપાસ અર્થે કબ્જે કરવામા આવેલ છે અને દુકાન માલીક ભેરારામ ભગવાનારામ પુરોહીત વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે અંકલેશ્વર શહેર પો.સ્ટે.મા સોંપવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ભરૂચ એલ.સી.બી ના પો.સ.ઇ વાય.જી.ગઢવી તથાહે.કો. ઉપેન્દ્ર કેશરાભાઈ તથા પો.કો. તરૂણભાઈ રવજીભાઈ તથા પો.કો. સરફરાજ મહેબુબભાઈના ઓ દ્વારા કરવામા આવેલ છે

સલાબતપુરા અને પાંડેસરામાં જુગાર રમતા ૧૨ જુગારી ઝડપાયા

સુરત

સલાબતપુરા અને પાંડેસરા પોલીસે ગઈકાલે જુગારધારા હેઠળ કાર્યવાહી કરી કુલ ૧૨ લોકોને જુગાર રમતા ઝડપી પાડયા હતા. તેમજ રોકડ મળી કુલ રૂા. ૨૪,૩૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. સલાબતપુરા પોલીસે ગઈકાલે બાતમીના આધારે બેગમપુરા શેત્રંજીવાડ ખાતે રેઈડ કરી હતી રેઈડ દરમિયાન પોલીસે જુગાર રમતા વેપારી મુહંમદ શકી અબ્દુલ કાદીર શેખ, વૃદ્ધ જાફર ગની મેમણ, વેપારી મુહમદ હની ઈકબાલ શેખ, ટેમ્પો ડ્રાઈવર મુહમદ ઈસુફ મીયા મુહમદ, રિક્ષા ડ્રાઈવર આશીફ બિસ્મીલ્લા બેગ, વેપારી મુહમદ આશીફ અબ્દુલ કરીમ શેખ, રિક્ષા ડ્રાઈવર ગુલામ શાબીર ગુલામ હુશેન બીડીવાલાને ઝડપી પાડયા હતા. આ .પરાંત પોલીસે સ્થળ પરથી રોકડ અને ગંજીપાના મળી કુલ રૂા. ૧૩,૪૮૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી કરી હતી. પાંડેસરા પોલીસે પણ બાતમી આધારે ગઈકાલે સિધ્ધાર્થ નગર ઝૂંપડપટ્ટીની બાજુમાં આવેલા મપા આવાસ બિલ્ડિંગ નં. ડી-૦૧ની બાજુમાં ગોળકુંડાળુ વળી જુગાર રમતા પાંચ લોકોમાં કાલુ બંશા જેના અશોક ઘનશ્યામ બહેરા, ચિત્ર સેન રઘુનાથ બહેરા, રોહીત કૈલાસ પ્રધાન તથા સુરજરામ ચૌધરીને ઝડપી પાડી કુલ રૂા. ૧૦,૯૦૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી કરી હતી.

પત્રકારીતાને સમાજઘડતરમાં મહત્વનું પાસુ લેખાવતા જૂનાગઢ કલેકટર સૌરભ પારધી





કોઈપણ સુરક્ષાકવચ વિના લોકસેવાને અગ્રતા આપતા ચોથી જાગીરનાં સ્તંભસમાન પત્રકારો સાચા લોકપ્રહરી- એસ.પી. સૌરભ સિંઘ

જૂનાગઢ : જૂનાગઢ ખાતે ગુજરાત પ્રેસ અકાદમી અને જિલ્લા માહિતી કચેરી જૂનાગઢનાં સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય પ્રેસ ડે નિમિત્તે ''ડિઝીટલ યુગમાં પત્રકારત્વ સામેના પડકારો'' વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિસંવાદને દીપ પ્રાગટ્યથી ખુલ્લો મુકતા જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધીએ રાષ્ટ્રીય પ્રેસ દિવસ પર મીડિયા પ્રતિનિધિઓને શુભેચ્છા પાઠવી તંત્રીઓ, સંપાદકો પત્રકારો અને કેમેરાપર્સનની મહેનતની પ્રશંસા કરતા જણાવ્યુ હતુ કે, મીડિયાની ભૂમિકા વંચિત વર્ગોનો અવાજ બનવામાં પ્રશંસનીય છે. છેલ્લાં વર્ષોમાં મીડિયાએ 'સ્વચ્છ ભારત અભિયાન' અને વિવિધ રાજય અને ભારત સરકારની યોજનાઓને આમજનતા સુધી પહોંચતી કરવામાં સારૂ એવું યોગદાન આપ્યું છે અને સ્વચ્છતાનાં સંદેશને અસરકારક રીતે આગળ વધાર્યો છે.સેવા સેતુ અને એકતા યાત્રા અને સુજલામ સુફલામ જેવી લોકોપયોગી બાબતોને સાચા અર્થમા લોકો સુધી પહોંચતી કરવામાં મીડિયાનો અનન્ય ફાળો રહ્યો છે ત્યારે પત્રકારીતાને સમાજઘડતરમાં મહત્વનું પાસુ લેખાવતા કલેકટર પારધીએ જણાવ્યુ હતુ કે બદલતા ડિજીટલ યુગે આપણે સમાચારો સોશિયલ મીડિયા અને મોબાઈલ ફોન મારફતે વધારે પ્રસરી રહ્યા છે ત્યારે મીડિયા ટેકનોલોજીનો આ વિકાસ મીડિયાની પહોંચ વધુ વધારશે અને મીડિયાને વધુ લોકતાંત્રિક અને સહભાગી બનાવશે.

જિલ્લા પોલીસ અધિક્ષક સૌરભ સિંઘે રાષ્ટ્રીય પ્રેસ દિવસ પર મીડિયા પ્રતિનિધિઓને શુભેચ્છા પાઠવી જણાવ્યુ હતુ કે જેઓ રાત દિવસ અને તડકો-ટાઢ જોયા વગર કામ કરે છે તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓને આકાર આપતાં વિવિધ સમાચારો રજૂ કરે છે. સ્વતંત્ર પ્રેસ જીવંત લોકશાહીનો ચોથો પીલ્લર છે. પ્રેસની સ્વતંત્રતા જાળવવા અને તમામ સ્વરૂપે અભિવ્યક્તિની આઝાદીને સુનિશ્ચિત કરવા સરકાર કટિબદ્ધ છે ત્યારે આપણું મીડિયા સવાસો કરોડ દેશવાસીઓની કુશળતા, તાકાત અને રચનાત્મકતા વધુને વધુ પ્રદર્શિત કરશે એવી શુભેચ્છા પાઠવી હતી. સિંઘે પોતાનાં અભ્યાસ કાળના દિવસોને યાદ કરી આ.ઈ.પી.એસ.ની પરીક્ષાઓમાં અખબારો અને મીડીયાની ભુમીકાની સરાહના કરતા જણાવ્યુ હતુ કે સોશ્યલ મીડિયાનો ભલે પ્રભાવ વધ્યો પણ આજેય સવારે અખબાર જોયા વિના ચલાવી શકાતુ નથી, સૌરભસિંઘે જૂનાગઢનાં મીડિયાકર્મીઓની સરાહના કરતા જણાવ્યુ હતુ કે જૂનાગઢનું પત્રાકારીત્વ રચનાત્મક અને હકારાત્મક અભિગમ ધરાવે છે સાથે જિલ્લાનાં કાયદો અને વ્યવસ્થાની કેટલીક બાબતોમાં મીડિયા તરફથી સારો સહકાર સાંપડી રહ્યો છે ત્યારે જુનાગઢની પોલીસ મીડિયા સાથે બંધારણીય મર્યાદામાં લોકસેવામાં કદમ મીલાતી રહેશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી કાર્તિકભાઈ ઉપાધ્યાય, સંદેશ દૈનિકનાં દૈનિકના બ્યુરો ચીફ ધીરૂભાઈ પૂરોહિત, પ્રસાર ભારતીનાં સંજીવ મહેતા, દુરદશર્નનાં કલ્પેશ પંડ્યાએ ડિઝીટલ યુગે પત્રકારીત્વનાં પડકારો બાબતે વિચાર ગોષ્ઠીમાં મહત્વનાં વિચારો વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ સમૂહ માધ્યમો શું કરી શકે છે અને એવી સ્થિતિમાં પણ રાષ્ટ્ર-સમાજની સેવા માટે માધ્યમોની ભૂમિકા પડકારરૂપ બનતી હોય છે. તેવા સંજોગોમાં બિલકુલ વિચલિત થયા વગર સાચી પરિસ્થિતિ રજુ કરવી તે માધ્યમોની જવાબદારી બને છે. સમાજમાં પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના માધ્યમોની ભૂમિકા અમૂલ્ય છે. વહીવટીતંત્ર અને પ્રજા વચ્ચેની કડી તરીકે સમૂહ માધ્યમો કાર્ય કરે છે. માધ્યમો દૃષ્ટાંતોને ચરિતાર્થ કરી લોકો સુધી પહોંચાડે છે. સરકારી યોજના, કાયક્રમો, તેનું અમલીકરણ તથા તે સંબંધિત માહિતી લોકો સુધી પહોંચાડવાનું કાર્ય સમૂહ માધ્યમો કરે છે. ક્યાં શું ખૂટે છે, ક્યાં શું કરવું જોઈએ તે તમામ બાબતો દર્શાવવાની ભૂમિકા પણ તેઓ ખૂબ જ સારી રીતે અદા કરે છે.

કાર્યક્રમમાં ડો. હારૂન વિહળે જણાવ્યું કે દર વર્ષે ૧૬ નવેમ્બરના 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. ૪ જુલાઈ ૧૯૬૬માં ભારમાં પ્રેસ પરિષદની સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રેસ પરિષદ ૧૬ નવેમ્બર ૧૯૬૬થી પોતાના વિધિવત કાર્યની શરૂઆત કરેલ હતી. જેની યાદગીરીરૂપે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ડિઝીટલ યુગે પત્રકાર તરીકે વ્યક્તિની ઘણી વિશાળ જવાબદારીઓ રહેલી છે. પત્રકારો અને સમૂહ માધ્યમ સાથે સંકળાયેલાઓએ કેટલીક બાબતોની કાળજી રાખવી આવશ્યક છે. પત્રકારો વિકટ પરિસ્થિતિમાં કાર્યો કરતા હોય છે. લોકો આજની ભાગદોડ ભર્યા જીવનમા આપણે ગમે તેટલા વ્યસ્ત હોવા છતાં સમાચાર જોવાનું ચુકતા નથી,એ પછી ટીવીના માધ્યમથી હોય કે પછી મોબાઈલ ફોન દ્વારા પરંતુ સમાચાર નિયમિત પણે જોઈએ છીએ. આ સમચાર જન-જન સુધી પોહચાડ્વા પાછળ મીડિયા ઘણી બધી મહેનત કરતી હોય છે કે લોકો સુધી સાચા સમાચાર પહોચી શકે પરંતુ શું તમને ખબર છે આજનો દિવસ એટલે કે ૧૬ નવેમ્બરને રાષ્ટ્રીય પ્રેસ દિવસ તરીકે ઉજવાય છે. મીડિયા એક એવું માધ્યમ છે જેના દ્વારા નાગરિકોમાં મૂળભૂત ફરજો અને તેમના હકો વિષે જાગરૂકતા લાવી શકાઈ છે અને મીડિયા તેની આ ભૂમિકા ખૂબ જ સારી રીતે ભજવે છે.

કાર્યક્રમનાં પ્રારંભે ઈ.ચા. સિનિયર સબ એડીટર અશ્વિન પટેલે આમંત્રીત અધિકારીઓ અને મીડીયાકર્મી અને તંત્રીઓને આવકારી કાર્યક્રમનો હેતુ રજુ કર્યો હતો. કાર્યક્રમનાં અંતે નાયબ માહિતી નિયામક રાજુ જાનીએ ઉપસ્થિત મહાનુભાવ અને મીડીયાકર્મીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા ટેકનીકલ આસી. પી.એસ.ભટ્ટ, અધિક્ષક જેન્તીભાઈ ગઢીયા, સહાયક અધિક્ષક અશોકભાઈ સવસાણી, ભાલચંદ્રવિંઝુડા, સહાયક ધીરૂભાઈ વાજા, બીપીનભાઈ જોષી, હનિફભાઈ બારેજીયા, આસીફભાઈ શેખ સહિત માહિતી કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૯ : દિલ્હીમાં યોજાયો મુખ્યમંત્રીનો રોડ-શો

અગ્રણી ઉદ્યોગપતિઓને ગુજરાતની વિકાસયાત્રામાં જોડાવા ઈજન આપતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી



મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શુક્રવારે નવી દિલ્હીમાં અગ્રણી ઉદ્યોગ સંચાલકોને રૂબરૂ મળીને આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં સહભાગી થઈ ગુજરાતની વૈશ્વિક વિકાસયાત્રાને વધુ વેગ આપવા ઈજન પાઠવ્યું હતું.

વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૯ની પૂર્વ તૈયારી રૂપે અગ્રણી ઉદ્યોગ સંચાલકો સાથે યોજેલા વન ટુ વન બેઠકના ઉપક્રમમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે એમ.જી મોટર્સના એમ.ડી રાજીવ છાબડા, ડીસીએમ શ્રીરામના સી.ઈ.ઓ વિક્રમ શ્રીરામ, ભારતી એન્ટરપ્રાઈઝીસના વાઈસ ચેરમેન શ્રી રાજનભારતી મિત્તલ, એકમે સોલારના ચેરમેન મનોજ ઉપાધ્યાય, રિન્યુ પાવર વેન્ચરના સી.ઈ.ઓ.સુમન્ત સિન્હા અને સ્પાઈસ જેટના ચેરમેન અજય સિંહએ બેઠકો યોજી હતી. આ અગ્રણી ઉદ્યોગ સંચાલકોએ ગુજરાત સાથે ઓટોમોટિવ સેક્ટર, સોલાર એનર્જી, સોડા એશ ઉત્પાદન, પીસીપીઆઈઆર, રિજિયનલ એર કનેક્ટિવિટી સહિતના બહુવિધ ક્ષેત્રોમાં રોકાણ માટેની ઉત્સુકતા દર્શાવી ગુજરાત સરકારની પ્રોત્સાહક નીતિઓ અને ઈન્ડસ્ટ્રિયલ પોલિસિઝની પણ સરાહના કરી હતી. મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ગુજરાતમાં આ અગ્રણી ઉદ્યોગગૃહોના મોટા પ્રમાણમાં રોકાણોને કારણે આર્થિક વિકાસ સહિત રોજગાર ક્ષેત્રે પણ ગુજરાત અગ્રેસર રહેશે. આ બેઠકોની શ્રૃંખલાઓ દરમિયાન મુખ્યસચિવ ડો. જે.એન.સિંઘ, મુખ્યમંત્રી મુખ્ય અગ્રસચિવ કે. કૈલાસનાથન, નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ, મુખ્યમંત્રી ના અગ્રસચિવ એમ. કે. દાસ તેમજ ઉદ્યોગ, પ્રવાસન, ધોલેરા એસઆઈઆર વગેરેના વરિષ્ઠ સચિવો જોડાયા હતાં.

મહાત્મા ગાંધીની ૧૫૦મી વર્ષગાંઠ નિમેત્તે સ્વસ્થ ભારત યાત્રા - સાયકલોથોન

ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા તથા રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આયોજિત સ્વસ્થ ભારત યાત્રાનું ગુજરાતમાં આયોજન

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં યોજાનાર 'સ્વસ્થ ભારત યાત્રા' આગામી ૧૨મી નવેમ્બર, ૨૦૧૮ ના રોજ દક્ષિણ ગુજરાતના દાંડી ખાતે પ્રવેશશે અને રાજ્યના ૧૨ જીલ્લાઓમાંથી પ્રસાર થઈ ૧૨મી ડીસેમ્બર, ૨૦૧૮ ના રોજ ઉત્તર ગુજરાતમાં પાલનપુર ખાતેથી પ્રસ્થાન કરી રાજસ્થાન રવાના થશે.

''ઈટ રાઈટ ઈન્ડીયા'' કાર્યક્રમના ઉપક્રમે સમગ્ર દેશમાં જન જાગૃતિ ફેલાવવા માટે ૧૬ ઓક્ટોબર ૨૦૧૮થી આરંભાયેલી સ્વસ્થ ભારત સાયકલ યાત્રા અંગે માહીતી આપતાં રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના અધિક મુખ્ય સચિવ, પુનમચંદ પરમારે પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીના જીવન સંદેશમાંથી, સ્વસ્થ જીવનની પ્રેરણા લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત સ્વસ્થ ભારત યાત્રા ગુજરાતમાં ચોવીસ દિવસ દરમ્યાન જનજાગૃતિ ફેલાવાનું કામ કરશે. આ યાત્રા એના પ્રવાસ દરમિયાન સ્વસ્થ ભારત અને ઈટ રાઈટનો સંદેશ ફેલાવશે. આ યાત્રા દાંડી, સુરત, ભરુચ, વડોદરા, ગોધરા, સંતરામપુર, બાલાસિનોર, નડિયાદ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા અને બનાસકાંઠાના પાલનપુરમાં સહિતના બાર જિલ્લાઓના વિવિધ વિસ્તારોને આવરી લેશે. ગુજરાતના બાર જિલાઓમાંથી પસાર થયા બાદ સ્વસ્થ ભારત યાત્રા દેશના પશ્ચિમી રાજ્ય રાજસ્થાન રાજ્યમાં પ્રવેશ કરશે. દેશના વિવિધ રાજ્યોમાંથી પસાર થઈ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૯ સુધીમાં દેશનું પરિભ્રમણ કરી દિલ્હી પરત ફરશે.

દાંડી, સુરત, ભરુચ, વડોદરા, ગોધરા, સંતરામપુર, બાલાસિનોર, નડિયાદ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા અને બનાસકાંઠા સહિતના બાર જિલ્લાઓને આવરી લેવાશે : આગામી ૧૮મી નવેમ્બર-૨૦૧૮થી ગુજરાતમાં પ્રવેશશે

મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતી ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા સમગ્ર દેશમાં તા.૧૬મી નવેમ્બર, ૨૦૧૮ થી ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૯ સુધી સમગ્ર દેશમાં ''ઈટ રાઈટ ઈન્ડીયા'' ના ઉપક્રમે જન જાગ્રુતિ સ્વસ્થ ભારત સાયકલ યાત્રા સમગ્ર દેશમાં ચાલી રહી છે. આગામી ૧૮ મી નવેમ્બર-૨૦૧૮થી ગુજરાતમાં પ્રવેશ કરશે.

પુનમચન્દ પરમારે કહ્યું કે, રાજ્યના બાર જિલ્લાઓમાં યોજાનાર યાત્રા સંદર્ભેના કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી તથા સરકારના મુખ્ય સચિવ, અધિક મુખ્ય સચિવ, અધિકારીઓ તેમજ સમાજના પ્રતિષ્ઠીત ઉધોગપતિઓ તેમજ નાગરીકો હાજર રહેનાર છે.

અધિક મુખ્ય સચિવએ આ સાયકલ યાત્રાની વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ સમગ્ર સાયકલ યાત્રા દરમિયાન દરેક જિલ્લામાં એન.સી.સી. કેડેટ્સ તથા સમાજના પ્રતિષ્ઠિત નાગરિકો એક સ્થળેથી બીજા સ્થળે સાયકલ પર પ્રવાસ કરીને "Eat Right India" અંગેની જન જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરશે. રાજ્યના તમામ બાર જિલ્લાઓમાં સાયકલસવીરો પહોચ્યા બાદ એક આખો દિવસ જનજગૃતિ માટે પ્રભાત ફેરી, જાહેર સમારંભ, સાંસ્કુતિક કાર્યક્રમ, વિડીયો-ઓડીયો પ્રસારણ, શાકમાર્કેટ અને ફુડ સ્ટ્રીટ માં જન જાગ્રુતિ અંગે ની પ્રવૃત્તિઓ, ચિત્રકામ સ્પર્ધા, ફુડ કોર્ટ વગેરે જેવા કાર્યક્રમો યોજાશે. જ્યારે સાયકલવીરો સંબંધિત જિલ્લામાં પ્રવેશશે ત્યારે ત્યાં તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવશે. યાત્રાના બીજા દિવસે સંબંધિત જિલ્લાના સાયકલવીરોને અન્ય જીલ્લા માટે રવાના થશે ત્યારે તેમને ફ્લેગ ઓફ સાથે વિદાય આપવામાં આવશે. આ કાર્યક્રમ બારેય જિલ્લાઓમાં એક સમાન રીતે યોજવા સાથે જનજાગૃતિ માટેના સંપૂર્ણ પ્રયાસ કરવામાં આવશે. સંબંધિત જિલ્લાના કલેકટર, આરોગ્ય અધિકારી, ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના ડેઝીગ્નેટેડ ઓફિસર આઈસીડીએસ વિભાગ તેમજ મધ્યાહન ભોજન યોજના વિભાગ વગેરે સાથે સંકલન કરી સમગ્ર યાત્રા સફળ બનાવવાનો પ્રયાસ કરાશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

પરમારે કહ્યું કે, સ્વસ્થ ભારત સાયકલ યાત્રા અમદાવાદમાં પ્રવેશશે ત્યારે ૦૫મી ડીસેમ્બર, ૨૦૧૮ ના રોજ સાંજે ૫ કલાકે કાંકરીયા ખાતે આશરે ૫ હજાર જેટલી જનમેદનીની ઉપસ્થિતીમાં ''સ્વસ્થ ભારત મેળા'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં પ્રજાજનોને Non communicable disease ને રોકવા માટે સ્વસ્થ ખોરાક ખાવા માટેના સન્દેશ આપતા ઓડીયો, વિડીયો પણ દર્શાવવામાં આવશે. તેમજ જાણીતા ન્યુટ્રીશનીસ્ટને પણ આમંત્રણ આપી શુધ્ધ અને સ્વસ્થ ખોરાક અને ખાવાની ટેવો અંગે માહિતી અને સમજ આપવામાં આવશે. આ ઉપરાંત સ્વચ્છ વાતાવરણમાં બનેલા ખાદ્ય પદાર્થો જ આરોગવા માટે ખાસ જાહેર અપીલ કરવામાં આવશે. સ્વચ્છ ખોરાકને પ્રજા સમક્ષ રજૂ કરવા માટે જુદાજુદા ''કિલન સ્ટ્રીટ ફુડ હબ'', "RUCO", ફુડ એડલસ્ટ્રેશન, ખોરાકમાં ભેળસેળને નાથવા જેવ વિષયો પર વક્તવ્ય આપવા માટે નાંમાકિત વ્યક્તિને બોલાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના તમામ નાગરીકોને ફોર્ટીફાઈડ ફુડ મળી રહે તથા માઈક્રોન્યુટ્રીશનની ઉણપને નાથવા માટે તેમજ કુપોષણને નાથવા માટે ઈન્ડિયન મેડીકલ એસોશીયસન તરફથી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત લગ્ન સંમારંભ, હોટેલસ, જાહેર મેળાવડા, વગેરેમાં બનતા ભોજનનો બગાડ ન થાય તેમજ સમાજના ગરીબ વર્ગને આ ખોરાક યોગ્ય ચેનલથી પહોંચે તે માટે એન.જી.ઓ. દ્વારા સમજ આપવામાં આવશે. આ પ્રસંગે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશ્નર ડો. હેમંત કોશિયા પણ ઉપસ્થિત હતા.

તા.૧૮મી નવેમ્બર, ૨૦૧૮ થી ૧૨મી ડીસેમ્બર, ૨૦૧૮ સુધી આ યાત્રા ગુજરાતમાં પરિભ્રમણ કરીને ''ઈટ રાઈટ ઈન્ડીયા'' અંગે જનજાગૃતિ સંદેશ ફેલાવાશે

રાજપીપળામાં બનેલું સરકારી અતિથિ ગૃહ ફરી વિવાદમાં આવ્યુ

બાંધકામ નો તમામ સમાન બાજુના ખેતરમાં નાખતા ખેતર માલિકે કરી નીતિન પટેલ ને ફરિયાદ



જે અતિથિ ગૃહ હાલ બન્યું છે તે જમીન હાલ વિવાદ માં છે : મૂળ માલિકે વળતર ન મળ્યું હોવાથી આદિજાતિ આયોગ માં ફરિયાદ કરી છે

આ જમીન ના મૂળ માલિકે અતિથિ ગૃહના લોકાર્પણ સમયે ડેપ્યુટી સીએમ નીતિન પટેલ આવ્યાના સમયે આત્મવિલોપનની કોશિશ કરતા તંત્રમાં દોડધામ થઈ હતી

રાજપીપળા : ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજપીપળા ખાતે ૬.૭૭ કરોડના ખર્ચે અતિથિ ગૃહનું નિર્માણ કરાયું છે.જેનું લોકાર્પણ ગુજરાતના ડેપ્યુટી સીએમ નીતિન પટેલ ના હસ્તે ગત ૩૦ મી ઓક્ટોબરે કરવામાં આવ્યું હતું, હજુ ઘણું કામ બાકી છે ને ઉતાવળે લોકાર્પણ કરી દીધું પરંતુ રાજપીપલાનું આ અતિથિ ગૃહનો વિવાદ પીછો છોડતું નથી, તાજેતરમાં ખેડૂત અને જે જગ્યાએ આ અતિથિ ગૃહ બન્યું એ જગ્યાના મૂળ માલિકે બાજુના પોતાના ખેતરમાં બાંધકામનો તમામ સમાન કોન્ટ્રાકટરે નાખ્યો છે અને ઉઠાવાની તસ્દી લીધી નથી ત્યારે માર્ગ અને મકાન વિભાગ ને વારંવાર જાણ કરવા છતાં અધિકારીઓ ના પેટનું પાણી હાલતું નથી. ત્યારે જમીન ના માલિક ભુપત વસાવાએ રાજ્યના ડેપ્યુટી સીએમ નીતિન પટેલને પત્ર લખ્યો છે અને તંત્રના સ્વચ્છતા અભિયાન માં પોલમ પોલ હોવાની વાત કરી સફાઈ કરાવવા માંગ કરી છે.

આ બાબતે અતિથિ ગૃહ જ્યા બન્યું છે એ મૂળ માલિક ભુપત વસાવા એ જણાવ્યું હતું કે આ જે જમીન અમારી છે અમે વર્ષોથી વાવતા આવીયે છે પરંતુ અનેક જમીનો હોવા છતાં અમારી જમીન પર અધિકારીઓ એ દાનત બગાડી એક્વાયર કરી લીધી પણ હજુ કોઈ વળતર આપ્યુ નથી અમે આદિજાતિ આયોગ માં ફરિયાદ કરી છે છતાં ઉતાવળ કરી તંત્ર દ્વારા લોકાર્પણ કરી દીધું અને કોન્ટ્રાકટર દ્વારા બાંધકામ નો તમામ સમાન કચરો બાજુમાં આવેલા મારા ખેતરમાં નાખી દીધો આજે ગંદકી કરી છે જે બાબતે આ આધિકારીઓને રજૂઆત કરી રહ્યો છું તો કોઈ ધ્યાને લેતું નથી. હવે મારુ આ પરિવાર ઉગ્ર આંદોલન કરશેની ચીમકી આપી છે.

તારક મહેતાના ઉલટા ચશ્મા ફેમ સુંદરલાલને ફલાવર ઓફ વેલીની કામગીરીનો કોન્ટ્રાક્ટ સોંપાયો



ફૂડ કોર્ટ પર સામાન્ય માણસની જેમ સેવ સળ ખાઈ કામગીરી કરી, બટરફ્લાય ગાર્ડન ને સજાવ્યો

રાજપીપળા : તારક મહેતા ના ઉલ્ટા ચશ્માં ફેમ સુંદર લાલ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી માં ફ્લાવર ઓફ વેલી નું કામ જાતે તેણે તેની ટીમ દ્વારા કર્યું અને જે કન્ટ્રક્ટ તેણે ટેન્ડર ભરીને લીધો હતો, અંદાજિત ૫૦ લાખનું કામ હતું, ટેલિવિઝન પર સૌને ખળ ખળાટ હસાવતો દયા ભાભી નો લાડકો વીરો સ્ટેચ્યુ ઓફ યુનિટી ની કામગીરી માં જાડાયો બેઠક વ્યવસ્થા થી લઈ ફ્લાવર ઓફ વેલી ની કામગીરી સુંદરલાલે જાતે કરી અને ત્યેમ પર આવેલ ફૂડ કોર્ટ પાર પકોડા અને પાઉંભાજી, સેવ સળ ખાઈ ને એક સામાન્ય માનવી ની જેમ રહ્યો, કદાચ આ ગેટઅપ માં સામાન્ય માણસ તો ઓળખી પણ ના શકે. ફૂડ કોર્ટ પર જ્યારે એ નાસ્તો કરતો હતો ત્યારે ત્યાંના સ્થાનિક તુષાર પટેલે તેને ઓળખી જેને આવકારી જેમની સાથે નાસ્તો કર્યો જે જે જોઈ પછી અન્ય પ્રવાસીઓએ પણ ફોટો ગ્રાફી કરી સેલ્ફી પડાવી હાલ તેની ૫ વર્ષ ની દેખરેખ અને મેન્ટેન્સ ની જવાબદારી છે એટેલ વારંવાર આવતા રહેશે.

નાંદોદમાં પત્ની સાથે આડો સંબંધ રાખવા બાબતે બબાલ, જાનથી મારી નાખવાની ધમકી

રાજપીપળા : નર્મદા જિલ્લા ના નાંદોદ તાલુકા ના વીરસીંગપરા ગામમાં ગુરુવારે પત્ની સાથે આડા સંબંધ બાબતે બબાલ થઈ જેમાં ફરિયાદી કાલીબેન વસાવા એ આપેલી ફરિયાદ મુજબ વીરસીંગપરા ગામનાજ દિલીપ શનાભાઈ વસાવા ફરિયાદી કાલીબેન ના દીકરા પંકજ સાથે દિલીપ ની પત્ની નો સંબંધ આ બાબતે કહેવા જતા માથાકૂટ થઈ ત્યારે દિલીપ એ કહ્યું કે તારો છોકરો મારી પત્ની સાથે કેમ સંબંધ રાખે છે ..? તેમ કહી ગાળાગાળી કરી કાલીબેન ને લાકડીનો સપાટો મારી જાન થી મારી નાખવાની ધમકી આપી હતી કાલીબેન ની ફરિયાદ ના આધારે આમલેથા પોલીસે દિલીપ ધનાભાઈ વસાવા વિરુદ્ધ ગુનો નોંધી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.

ઈણાજ ખાતે યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમા ૨૨૮૪ વ્યક્તિલક્ષી પ્રશ્નોનો નિકાલ



ગીર સોમનાથ : ઈણાજ ખાતે આજે બીજ નિગમના ચેરમેન રાજશીભાઈ જોટવાના અધ્યક્ષસ્થાને યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમા ૨૨૮૪ વ્યક્તિલક્ષી પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરાયો હતો. પ્રવાસન નિગમના ડિરેકટર ઝવેરીભાઈ ઠકરારની ઉપસ્થિતિમાં ચોથા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો.

આ સેવા સેતુ કાર્યક્રમમાં આવકના દાખલા, જાતિના દાખલા, રેશનકાર્ડમા સુધારો વધારો, માં અમૃત્તમ કાર્ડ સહિત સરકારી ૨૨ વિભાગની ૫૫ જેટલી સેવાઓનો લોકોને લાભ આપવામા આવ્યો હતો. ઈણાજ તેમજ આજુ બાજુના ગ્રામ્ય વિસ્તાર માંથી મોટી સંખ્યામાં અરજદારો આ સેવા સેતુ કાર્યક્રમમાં સહભાગી થવાની સાથે જ તેઓના વ્યક્તિલક્ષી પ્રશ્નોનો સ્થળ પર જ તુરંત નિકાલ કરાયો હતો.

આ પ્રસંગે મામલતદાર દેવકુમાર આંબલીયા, તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહી અરજદારોના પ્રશ્નો ઉકેલવામા આવ્યા હતા.

વેરાવળ ખાતે ડિજીટલ યુગમાં પત્રકારત્વનાં સિધ્ધાંતો અને પડકારો વિષયે પ્રેસ સેમિનાર યોજાયો



ગીર-સોમનાથ: ગુજરાત પ્રેસ અકાદમી ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી, ગીર-સોમનાથ દ્વારા વેરાવળ ખાતે ડિજીટલ યુગમાં પત્રકારત્વનાં સિધ્ધાંતો અને પડકારો વિષયે પ્રેસ સેમિનાર યોજાયો હતો. તા. ૧૬ નવેમ્બર પ્રેસ દિન નિમિત્તે આયોજીત આ સેમિનારનું પ્રોબેશનલ આઈ.એ.એસ. દિનેશ ગુરવે દિપ પ્રગટવી ઉદઘાટન કર્યું હતું.

ગીર-સોમનાથ જિલ્લાનાં પ્રિન્ટ અને ઈલેકટ્રોનીક મીડિયાનાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત મીડિયાકર્મીઓને સંબોધતા દીનેશ ગુરવે કહ્યું કે, ડિજીટલ યુગમાં પળભરમાં સમાચારો લોકો સુધી સોશ્યલ મીડિયાનાં માધ્યમથી પહોંચી જાય છે. ત્યારે મીડિયાકર્મીઓએ સીધા લોકો સાથે જોડાઈને લોકહીતનાં સમાચારોને વિશેષ મહત્વ આપે તે જરૂરી છે. માહિતીનાં વિસ્ફોટમાં ચારે બાજુથી સમાચારોનો મારો થાય છે. ત્યારે તેની સત્યતા ચકાસવી સાચા ખોટાની પરખ કરવી તે કપરૂ કામ છે. અને જનહિત માટે મીડિયાકર્મીઓ સાચા સમાચારો સત્ય હકીકતો ઉજાગર કરે છે તે ખુબ આનંદની વાત છે, તેમ શ્રી દિનેશે ઉમેર્યું હતું.

સેમિનારમાં સહભાગી મહેન્દ્રભાઈ રાજાએ પત્રકારત્વની પરિભાષા સાથે ચોથી જાગીરનું મહત્વ, રવિ ખખ્ખરે મુળભુત પત્રકારત્વનું સ્થાન કોઈના લઈ શકે, રાજેશ ઠકરારે હકારત્મક પત્રકારત્વ, રાજેશ ભજગોતરે ગ્રામ્ય જીવન અને પત્રકારત્વ, મિતેષ પરમારે પત્રકારત્વની શરૂઆત અને અનુભવો વિશે તેમનાં પ્રતિભાવો આપ્યા હતા. સીનીયર પત્રકાર ભાષ્કર વૈદે વિવિધ દ્રષ્ટાંતો સાથે પ્રેસ અહેવાલોનું મહત્વ, કૈાશલ જોષીએ પ્રેસની તાકાત અને મીડિયા પર્સન તરીકે આત્મ વિશ્વાસ, હરીશ કક્કડે પત્રકારોની સાચી ભુમિકા વિષયે, યોગેશ જોષીએ નવરચિત જિલ્લાનાં ફાયદા અને પત્રકારોને રોજ નવું શિખવા જાણવાની ભાવના અંગે તેમજ અતુલ કોટેચાએ સેમિનારની ઉપયોગીતા અંગે પોતાનાં વિચારો વ્યક્ત કર્યા હતા.

પ્રેસ સેમિનારનાં પ્રારંભે જિલ્લા માહિતી અધિકારી અર્જૂન પરમારે સૌનું સ્વાગત કરી સેમિનારનાં ઉદેશ સાથે પત્રકારોનાં સકારાત્મક અભિગમ અંગે સૌને બિરદાવ્યા હતા. આ પ્રસંગે ગીર-સોમનાથ જિલ્લાનાં ઈલેકટ્રોનીક અને પ્રિન્ટ મીડિયાના પ્રતિનિધીશ્રીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારને સફળ બનાવવાં જિલ્લા માહિતી કચેરીનાં એસ.કે.પરમાર, સાજીદ કાઠી, ફારૂક કરગથરા, વિશ્વનાથ પાંજરી અને દેવશી કછોટે જહેમત ઉઠાવી હતી.

નવસારી ટાઉન સર્વેલન્સ સ્કોડની ટીમ દ્વારા રદ કરવામાં આવેલ જુની ચલણી નોટો સાથે બે ઈસમો ને પકડ્યા



નવસારી

ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક બી.એસ.મોરી સાહેબ નવસારીની તરફથી મળેલ સુચના અનુસંધાને નવસારી શહેર વિસ્તારમાં બનતા શરીર સબંધી તથા મિલ્કત સબંધી

ગુનાઓ અટકાવવા તથા ગે.કા પ્રવુતીઓ ઉપર રોક લાવવા માટે જરૂરી સુચના આપેલ જે અન્વયે સર્વેલન્સ સ્ટાફના પો.સ.ઈ એસ.એફ.ગોસ્વામી તથા ટીમે ગઈ તા.૧૫/૧૧/૨૦૧૮ ના રોજ પો.સ્ટે. હાજર હતા એ દરમિયાન ખાનગી બાતમીદાર મારફતે બાતમી મળેલ કે, નવસારી વિરાંજલી માર્ગ અગ્રવાલ કોલેજ પાસે આવેલ ગરનાળા

પાસે એક મોપેડ હોન્ડા એકટીવા નંબર વગરની ઉપર બે ઈસમો આવનાર છે. અને જેઓ પાસે રૂપીયા ૫૦૦/- તથા ૧૦૦૦/- ની દરની જુની નોટો છે. તેવી બાતમી આધારે હકીકતવાળીજગ્યાએ રેઈડ કરતા (૧) મોહંમદ ઝુબેર મોહંમદ હનીફ ઝવેરી ઉ.વ ૪૭ રહે. ૧૨/૮૨૯ રાણીતળાવ બીબીની વાડી સુરત તથા (૨) રમેશભાઈ વિઠ્ઠલભાઈ રાવળ ઉ.વ ૪૭ રહે નાના વરાછા નવદુર્ગા સોસાયટી મકાન નંબર- ૮ વરાછા રોડ સુરતવાળાઓ પાસેથી એક કાળા કલરના બેગમાં રૂપીયા ૫૦૦/- તથા ૧૦૦૦/-ની દરની જુની નોટો મળી આવેલ. જેમાં રૂપીયા ૫૦૦/- ના દરની જુની ચલણી નોટો નંગ- ૧૦,૯૧૩ કુલ કિ.રૂપીયા ૫૪,૫૬,૫૦૦/- તથા ૧૦૦૦ ના દરની જુની ચલણી નોટો નંગ- ૧૪૫૧ કુલ કિ.રૂપીયા ૧૪,૫૧,૦૦૦/- મળી કુલ કિમત રૂપીયા ૬૯,૦૭,૫૦૦/- મળી આવેલ જે ચલણી નોટો બાબતે બંને

ઈસમોને પુછપરછ કરતા સંતોષકારક જવાબ આપતા ન હોય જેથી સદર ચલણી નોટો સરકાર દ્વારા રદ બાતલ કરવામાં આવેલ હોય જેથી આ ચલણી નોટોની કિમત રૂપીયા ૦૦/૦૦ ગણી તથા હોન્ડા એકટીવા ૫ જી કિમત રૂપીયા ૫૫,૦૦૦/- ગણી તથા એક નોકીયા કંપનીનો ૧%- ૧૦૩૦

મોબાઈલ જેની કિ.રૂપીયા ૧,૦૦૦/- નો મળી કુલ રૂપીયા ૫૬,૦૦૦/- નો મુદ્દામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી બંને ઈસમોને સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરેલ છે.

અંક્લેશ્વર રાજપીપળા રોડ ઉપર આવેલ ગોડાઉન માંથી શંકાસ્પદ લોખંડ ભંગાર ભરેલ આઇસર ટેમ્પો તથા ૧૯૬ ગેસ સિલીન્ડરો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી

અંકલેશ્વર

પોલીસ મહાનિરિક્ષક અભયસિંહ ચુડાસમા સાહેબ વડોદરા રેન્જ વડોદરા તથા ભરૂચ જીલ્લા ના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક એલ.એ.ઝાલા સાહેબ નાઓની સુચના મુજબ ભરૂચ એલ.સી.બી ના પોલીસ સબ ઈન્સ્પેકટર વાય.જી.ગઢવી તથા ટીમના પોલીસ માણસો વાહન ચોરી તેમજ મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા સારૂ અંક્લેશ્વર વિસ્તાર મા પેટ્રોલીગ મા હતા દરમ્યાન મળેલ બાતમી આધારે અંક્લેશ્વર રાજપીપળા રોડ ઉપર રોશનીનગર મા આવેલ યોગેન્દ્રપ્રસાદ ઉર્ફે જોગીન્દર દાઢી ના જય અંબે ટ્રેડર્સ નામના ભંગાર ના ગોડાઉન પાસેથી એક આઇસર ટેમ્પો ૬૪-૧૬-૭-૯૩૦૧ મા ભરેલ લોખંડ ની નાની-મોટી પાઇપો,ચેનલો તથા સેકશન તેમજ બીજો લોખંડ નો સામાન ૫૬૮૦ કી.ગ્રા સાથે ડ્રાઇવર ગુલામહેદરઅલી અખ્તરઅલી ખાન રહે- બાપુનગર અંક્લેશ્વર નો તથા ગોડાઉનની અંદર થી ગોડાઉન માલીક યોગેનદ્રપ્રસાદ ઉર્ફે જોગીન્દર દાઢી શિવનજરપ્રસાદ કેવટ રહે- ગાર્ડનસીટી અંક્લેશ્વર નો ગોડાઉનમાં મુકેલ નટ-બોલ્ટ ૨૩૦ કી.ગ્રા તથા અલગ-અલગ કંપની ના ૧૨૬ ગેસ ના ખાલી સિલીન્ડર નંગ-૧૫ તથા કોપર વાયર ૦૬ કી.ગ્રા સાથે મળી આવેલ જેના કોઇ બિલ તેમજ આધાર પુરાવા અંગે તપાસ કતા મળી આવેલ મુદ્દામાલ ના કોઇ આધાર પુરાવા રજુ કરેલ નહી જેથી ઉપરોક્ત મુદ્દામાલ ચોરી અથવાતો છળકપટ થી મેળવેલ હોવાનુ જણાતા મળી આવેલ લોખંડ નો સામાન કુલ ૫૬૮૦ કી.ગ્રા ની કી.રૂ.૦૧,૦૨,૨૪૦/- તથા ગેસ સિલીન્ડર નંગ- ૧૫ ની કી.રૂ. ૭૫૦૦/- તથા નટ-બોલ્ટ ૨૩૦ કી.ગ્રા ની કી.રૂ. ૪૧૪૦/- તથા કોપર વાયર ૦૫ કી.ગ્રા ની કી.રૂ. ૨૧૦૦/- ગણી તથા આઇસર ટેમ્પા જી કી.રૂ. ૪,૦૦,૦૦૦/- ગણી કુલ કી.). દ્વામાલ વધુ તપાસ અર્થે કબ્જે કરવામા આવેલ છે અને બડો ઈસમોને અટક

ખેડા જિલ્લા કલેક્ટર તરીકે હવાલો સંભાળતા સુધિર પટેલ



નડિયાદ:ખેડા જિલ્લા કલેક્ટર તરીકે સુધિર પટેલની નિમણૂંક થતા તેઓએ આજે ખેડા જિલ્લા કલેક્ટર તરીકેનો પોતાનો હવાલો સંભાળી લીધેલ છે. તેઓ આ અગાઉ સુરત (સૂડા) ખાતે ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર તરીકે તથા ખેડા જિલ્લા વિકાસ અધિકારી અધિકારી તરીકે ફરજો બજાવી ચૂક્યા છે.